પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૩ કુલ પાના : ૪ તારીખ : ૨૮-૦૯-૨૦૨૪ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# ઉત્તર ગુજરાતના મહેસાણા-પાટણ-બનાસકાંઠામાં તોફાની વરસાદ

મહેસાણા,

ઉત્તર ગુજરાતમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ છવાયું છે જેમાં બુધવારે સાંજે પાંચેય જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યા બાદ ગુરુવારે બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. મહેસાણામાં અડધા કલાકમાં પોણા બે ઈંચ વરસાદ વરસે હતો. આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ૧૩ મીમી, તલોદમાં ૫ મીમી, વિજયનગરમાં ૩ મીમી, હિંમતનગરમાં ૨ મીમી વરસાદ વરસ્યો હતો.



જ્યારે અરવલ્લીના ભીલોડામાં દોઢ ઈંચ, મેઘરજમાં ૯, મોડાસામાં ચાર મીમી, પાટણ જિલ્લાના પાટણ પંથકમાં ૧૭ મીમી, ચાણસ્મામાં ૯ મીમી વરસાદ વરસ્યો હતો.

મહેસાણા પંથકમાં ગુરુવારે સાંજે અડધો કલાકમાં અતિભારે પવન અને ગાજવીજ સાથે પોણા બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ભારે પવનના કારણે મહેસાણા શહેરમાં ચાર સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. જ્યારે જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વૃક્ષો ધરાશાયી થયાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. શહેરની વિસ્તારમાં ગણતરીની મિનિટોમાં પોણા બે ઈંચ વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ગત બુધવારે પણ સાંજેથી મોડી રાત્રિ સુધી નોંધપાત્ર વરસાદ થયો હતો. જેમાં તાલુકાવાર વિસનગરમાં ૧૦ મીમી, વડનગરમાં ૧૫ મીમી, વિજાપુરમાં ૩૩ મીમી, મહેસાણામાં ૨૫ મીમી, બેચરાજીમાં ૨૬ મીમી, જોટાણામાં ૩૩ મીમી તેમજ કડીમાં ૬૦ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે ગુરૂવારે સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં તાલુકાવાર ખેરાલુમાં ૨૦ મીમી, ઊંઝામાં ૦૪ મીમી, વિસનગરમાં ૦૪ મીમી, વડનગરમાં ૧૫ મીમી, વિજાપુરમાં ૦૪ મીમી, મહેસાણામાં ૪૨ મીમી તેમજ



બેચરાજી અને જોટામામાં ૧૧-૧૧ મીમી વરસાદ પડ્યો હતો.

બનાસકાંઠામાં છેલ્લા બે દિવસથી ભારે ઉકલાટ જોવા મળી રહ્યો હતો જેને લઈ ગુરુવારે દિવસ દરમિયાન ભારે ઉકળાટ બાદ બપોરના સમયે એકાએક વરસાદી માહોલ સર્જાયો હતો અને ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. જેમાં પાલનપુર અને ડીસામાં ૧૭ મીમી એટલે કે અડધો ઈંચ ઉપરાંતનો વરસાદ ખાબક્યો હતો. જ્યારે વડગામમાં ૮, દાંતીવાડામાં ૭, દાંતામાં ૪ અને અમીરગઢમાં ૩ મીમી વરસાદ થયો હતો તેમજ વાવ, થરાદ, ધાનેરા, દિયોદર, ભાભર, કાંકરેજ લાખણી અને સુઈગામ કોરાધાકોર જોવા મળ્યા હતા.

ઊંઝા શહેર સહિત પંથકમાં લાંબા વિરામ બાદ અસહ્ય ઉકળાટ વચ્ચે સાંજના સુમારે વાતાવરણમાં પલટો આવતાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોએ ઉકળાટથી હાશકારો અનુભવ્યો હતો.

શહેર સહિત સમગ્ર જિલ્લામાં ગુરુવારે બપોર પછી અચાનક વાતાવરણમાં બદલાવ આવતાં અને આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયાં હતાં અને વીજળી ના કડાકા સાથે મેઘરાજાએ પવનના સુસવાટા વચ્ચે મેઘ વર્ષા ની તડી બોલાવતા માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. જોકે પાટણ શહેર સહિત સમગ્ર જિલ્લામાં ગુરૂવારે બદલાયેલા વાતાવરણ મુજબ ગરજેલા મેઘ જોઈએ તેવા વરસ્યા ન હતા.વડગામ પંથકમાં વાવાઝોડા સાથે વરસાદ પડતાં મોટાપાયે નુકશાન થયું હતું. ત્યારે જલોતરામાં વાવાઝોડા સાથે વરસાદ પડતાં કેટલાક ઘરોનાં, ખેતર પરના પતરાં, ઢાળિયાં ઉડતાં લોકોને મોટાપાયે નુકસાન થયુ હતું. સાથે જ ખેતરોમાં ઉભા પાકનો સોથ વળી ગયો હતો.

# વિધાનસભા ચૂંટણી પહેલા ખેડૂતોને મોટી ભેટ આપી, ૨ લાખ રૂપિયા સુધીની લોન માફીની જાહેરાત

રાંચી

વિધાનસભા ચૂંટણી પહેલા ખેડૂતો પર સટ્ટો રમી રહેલા ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને દિવાળી પહેલા મોટી ભેટ આપી છે. સીએમ હેમંત સોરેને રાજ્યના ખેડૂતોની ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવાની જાહેરાત કરી છે. રાંચીમાં એક રેલીમાં, હેમંત સોરેને કેટલાક ખેડૂતોને ૨ લાખ રૂપિયા સુધીના લોન માફીના ચેકનું પણ વિતરણ કર્યુ હતું. તેનાથી ઝારખંડના ૧ લાખ ૭૬ હજાર ૯૭૭ ખેડૂતોને ફાયદો થશે. આ માટે ૪૦૦.૬૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

અગાઉ, સોરેન સરકારે 'મૈયા સન્માન યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ મહિલાઓને ઓગસ્ટથી દર મહિને ૧,૦૦૦ રૂપિયા મળે છે. ઉપરાંત, બાકી વીજ બિલો પણ માફ કરવામાં આવ્યા છે અને ૨૦૦ યુનિટ સુધીની મફત વીજળી આપવામાં આવી રહી છે. રાંચીમાં યોજાયેલી રેલીમાં હેમંત સોરેને કહ્યું, 'અમે પ્રથમ તબક્કામાં ૫૦,૦૦૦ રૂપિયા સુધીની લોન માફ કરવાની અને ખેડૂતોને લાભ આપવાની યોજના બનાવી હતી. પરંતુ ખેડૂતો બે-ત્રણ વર્ષથી ખરાબ હવામાનનો સામનો કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'એકવાર ખેડૂત ખરાબ હવામાનનો ભોગ બને તો તેને સાજા થવામાં સમય લાગે છે, તેથી અમે રાજ્યના લગભગ ૩૮ લાખ નોંધાયેલા ખેડૂતોની ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવાનો નિર્ણય લીધો છે. આજે આ અંતર્ગત લગભગ ૪૦૦ કરોડ રૂપિયાની લોન માફ કરવામાં આવી રહી છે.

ભાજપ પર નિશાન સાધતા સોરેને કહ્યું, 'આજે અમે ખેડૂતોનું સન્માન કરી રહ્યા છીએ. ભાજપે પણ આમાં અડચણ ઊભી કરવી જોઈએ નહીં. કારણ કે તમારા વિકાસ માટે જે પણ કામ કરવામાં આવે છે તેમાં ભાજપના લોકો અવરોધો ઉભા કરે છે.

બીજેપી નેતા દીપક પ્રકાશે સોરેનની જાહેરાત પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું, 'જો હેમંત સોરેન ખેડૂતોના કલ્યાણ માટે ગંભીર હતા, તો તેમને લોન માફીની જાહેરાત કરવામાં આટલો સમય કેમ લાગશે? રાજ્યમાં એક મહિના પછી ચૂંટણી યોજાવા જઈ રહી છે. તેઓ ઉતાવળમાં છે કારણ કે તેઓએ તેમની જમીન ગુમાવી છે." પ્રકાશે વધુમાં કહ્યું, "અમારી અગાઉની સરકારે પીએમ કિસાન સન્માન નિધિ ઉપરાંત ખેડૂતોને પ્રતિ એકર ૨,૦૦૦ રૂપિયાની ઓફર કરી હતી. જ્યારે સોરેન સત્તા પર આવ્યા ત્યારે તેમણે તેને પાછું લઈ લીધું.

# આ અમારો વિસ્તાર છે', અરુણાચલમાં શિખરનું નામ દલાઈ લામાના નામ પર રાખતા ચીન ગુસ્સે થયું

ઈટાનગર

ચીને ફરી એકવાર અરુણાચલ પ્રદેશ પર નિયંત્રણ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે ભારતીય પર્વતારોહકોએ અરુણાચલ પ્રદેશમાં એક પર્વતનું નામ છઠ્ઠા દલાઈ લામાના નામ પર રાખ્યું ત્યારે ચીન ગુસ્સે થઈ ગયું. ચીને આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે.નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સની એક ટીમે અરુણાચલ પ્રદેશમાં એક અનામી ૨૦,૯૪૨ ફૂટ ઊંચા શિખર પર ચડ્યું હતું અને તેનું નામ છઠ્ઠા દલાઈ લામા, ત્સાંગ્યાંગ ગ્યાત્સોના નામ પર રાખવાનો નિર્ણય કર્યો હતો.એનઆઈએમએએસ સંરક્ષણ મંત્રાલય હેઠળ કામ કરે છે.



સંરક્ષણ મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, "છઠ્ઠા દલાઈ લામાના નામ પર ટેકરીનું નામકરણ તેમના અમર શાણપણ અને મોનપા સમુદાયમાં તેમના ગહન યોગદાનનું સન્માન કરવા માટે છે."તમને જણાવી દઈએ કે ત્સાંગ ગ્યાત્સોનો જન્મ ૧૬૮૨માં મોન તવાંગ વિસ્તારમાં થયો હતો. દલાઈ લામા રિટજન ત્સાંગ્યાંગ ગ્યાત્સોએ અરુણાચલ પ્રદેશના મોનપા સમુદાયમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે, જે ઉત્તરપૂર્વ ભારતમાં એકમાત્ર વિચરતી જાતિ છે .જ્યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા લિન જિયાનને આ મામલે સવાલ પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, મને ખબર નથી કે તમે શું વાત કરી રહ્યા છો.

તેમણે કહ્યું, "મારે કહેવું જોઈએ કે જંગનાન (ભારતનો અરુણાચલ પ્રદેશ) ચીનનો વિસ્તાર છે અને ભારત માટે ચીનના ક્ષેત્રમાં 'અરુણાચલ પ્રદેશ' સ્થાપિત કરવું ગેરકાયદેસર છે. સાથે જ ભારતે સતત ચીનના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. ભારતે અનેક વખત ચીનના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે. સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે અરુણાચલ પ્રદેશ દેશનો અભિન્ન અંગ છે.આ પહેલા ચીને પીએમ મોદીની અરુણાચલ પ્રદેશની મુલાકાત સામે વાંધો વ્યક્ત કર્યો હતો. ચીને અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોના નામ બદલી નાખ્યા છે.




# મહીસાગરના લુણાવાડા ખાતે જીલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

મહીસાગર,

નોંધારાનો આધાર અને વંચિતોના વિકાસને વરેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી જીલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો લુણાવાડા પી એન પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રેભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર ગરીબી નિવારણ માટે નોંધારાનો આધાર બની સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો વચેટિયાઓને નાબૂદ કરીને સીધેસીધા તેમના



હાથોહાથ પહોંચાડીને સમાજના તમામ વર્ગોના ઉત્થાન માટે પ્રતિબદ્ધ હોવાનું કહ્યું હતુ. તેમણે વધુમાં સાચા લાભાર્થીઓના હાથમા સીધેસીધા લાભ પહોંચાડીને સરકારે તેના પારદર્શક વહીવટની જનતા જનાદર્નને પ્રતિતિ કરાવી હોવાનું ઉમેર્યું હતું.

ગરીબોના બેલી વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી સુશાસનના સંકલ્પ સાથે રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ જનકલ્યા્ણના સેવા યજ્ઞ માટે સમર્પિત સતત કાર્યશીલ ગુજરાત સરકાર દ્વારા ગરીબી નિવારણ કરવા માટે ગરીબ કલ્યાણ મેળાઓ આશીર્વાદરૂપ બની રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર વંચિતો, ગરીબો અને ખેડૂતોને સમર્પિત સરકાર છે. આજે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, સામજ કલ્યાણ સહિતના તમામ ક્ષેત્રે માળખાગત સુવિધા ઉપલબ્ધ બની છે. સરકારના મહિલા સશક્તિકરણ તરફના સરકારના ક્રાંતિકારી પગલાંઓની થકી મહિલાઓને પગભર બનાવવા માટે મહિલાલક્ષી યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

આ પ્રસંગે મંત્રીએ મહીસાગરવાસીઓને એક પેડ માં કે નામ અભિયાનમાં જોડાઈ દરેક લોકોએ એક વૃક્ષનું વાવેતર કરી તેનું જતન કરવું જોઈએ અને સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત દરેક લોકો જોડાઈ સ્વચ્છત સમાજનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ ગરીબ કલ્યાણ મેળાને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની રાહબરીમાં આગળ વધી રહ્યો છે. સરકાર સેવા સેતુ કાર્યક્રમ થકી દરેક નાગરિકોના ઘર આંગણે લાભો આપવા પ્રયત્નશીલ છે. સરકારની વિવિધ લોક કલ્યાણકારી યોજના થકી દરેક લોકો પગભર બને તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

લુણાવાડા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાલણ મેળામાં સ્ટેજ ઉપરથી ૨૧ લાભાર્થીઓને પ્રતિકાત્મક સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યા બાદ રાજય સરકારના વિવિધ વિભાગોના યોજનાકીય લાભો અંતર્ગત ૧૮૭૭ લાભાર્થીઓને રૂા. ૩૨૯.૪૫ લાખથી વધુ સાધન-સહાય-ચેકનું સ્થળ ઉપર મેળા દરમિયાન હાથોહાથ વિતરણ કરવામાં



આવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોરે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને નાયબ જીલ્લા વિકાસ અધિકારી મૈત્રીબેંન એ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર સહિત ઉપસ્થિયત સર્વે મહાનુભાવોએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રઓભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજયકક્ષાના ડીસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. જયારે મંત્રી સહિત ઉપસ્થિથત સર્વે મહાનુભાવોએ ગરીબ કલ્યાપણ મેળાના સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ નિરીક્ષણ કરી માહિતી મેળવી લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

આ પ્રસંગે જીલ્લા કલેકટર નેહા કુમારી, જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, નિવાસી અધિક કલેકટર સી.વી.લટા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ નંદાબેન ખાટ, જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન પિનાકીનભાઈ શુકલ, લુણાવાડા પ્રાંત અધિકારી આનંદ પાટીલ, તાલુકાના પંચાયત પ્રમુખઓ, જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, વિવિધ યોજનાઓના લાભાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ખેડાપા પ્રાથમિક શાળા ખાતે જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને રાત્રી સભા યોજાઈ

મહીસાગર,

ગ્રામજનોના ઘર આંગણે જઈ તેમની સમસ્યાઓનું નિવારણ અભિગમ સાથે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સંતરામપુર તાલુકાના ખેડાપા પ્રાથમિક શાળા ખાતે જીલ્લા કલેકટર નેહા કુમારીની ઉપસ્થિતિમાં રાત્રી સભા યોજાઈ.

રાત્રી સભા દરમિયાન વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા ચાલતી વિવિધ લોક કલ્યાણકારી યોજનાથી ગ્રામજનોને માહિતગાર કર્યા



હતા ત્યારબાદ ગ્રામજનોએ કલેકટર સમક્ષ સામૂહિક અને વ્યક્તિગત પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેકટરએ રાત્રી સભામાં રજૂ થયેલ પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને સૂચનો કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ, નિવાસી અધિક કલેકટર સી.વી.લટા, તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિધાર્થ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ચંદ્રિકાબેન ભાભોર સહિત સંકલનના તમામ અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદની ઓળખ સમા છાબ તળાવને એક વર્ષ પૂર્ણ થયા

દાહોદ,

દાહોદની આગવી ઓળખ તેમજ હાર્દ સમા છાબ તળાવનું ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારે આજે એ જ છાબ તળાવને એક વર્ષ પૂર્ણ થયું હતું. જેની ઉજવણીના ભાગરૂપે સિનિયર સીટીઝન દ્વારા રોજ બ રોજ ઉપયોગમાં લેવાતા આ છાબ તળાવના પ્રતિભાવ રજૂ કરવામાં આવ્યા હતા.

સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ એ ઐતિહાસિક તળાવ છે. જેની ઓળખ દાહોદના ઈતિહાસ સાથે



વણાયેલી છે. આ નિમિતે જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેએ ત્યાં ઉપસ્થિત સૌ સિનિયર સીટીઝન સાથે રૂબરૂ મુલાકાત કરીને વાત કરી એમના પ્રતિભાવ જાણ્યા હતા. જેમાં તમામ લોકોના પ્રતિભાવ હકારાત્મક મળ્યા હતા.

છાબ તળાવ કિનારે સાયકલિંગ ટ્રેક, ફૂડ ઝોન, બાળકોના મનોરંજન માટેના સાધનો, બગીચા, લાઈટિંગ જેવા તેમજ સિનિયર સીટીઝન માટે બેસ્ટ અને પસંદગીની જગ્યા બની ચૂકેલા છાબ તળાવ પર રોજ સવારે યોગા સહિત કસરત કરતાં લોકોની સંખ્યા હવે પહેલાં કરતાં વધી છે. બાળકો માટે આનંદ કરવા માટેનું યોગ્ય સ્થળ છે. અહીં મેન્ટેન્સ ખુબ જ સારી રીતે કરવામાં આવે છે, એમ કહેતાં સિનિયર સીટીઝન એ આજનો દિવસ એકબીજા સાથે નાસ્તો - પાણી ખુબ જ એન્જોય કર્યો હતો.

આ નિમિતે પ્રાંત અધિકારી નિલાંજસા રાજપુત, નગરપાલિકા પ્રમુખ નીરજ દેસાઈ, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રદ્ધા ભડંગ, નગરપાલિકા કાઉન્સિલર તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરામપુર કોલેજ વિસ્તારમાં મચ્છરના ઉપદ્રવને લઈ ડેન્ગ્યુ પોઝીટીવ કેસ વધ્યા



ઘર પાસે જ પાણીનો નિકાલ ના થતા રોગચાળો અને ગંભીર બીમારીની પરિસ્થિતિ સર્જાયેલી છે. વહેલી તકે પાણીનું નિકાલ કરવામાં આવે તેવી અમારી માંગ છે
:-કાળુભાઈ દરજી, રહેવાસી-:

સંતરામપુર,

સંતરામપુર કોલેજ વિસ્તારમાં પાણીનો નિકાલ ના થતા મચ્છરનો ઉપદ્રવ વધ્યો ત્રણ ડેન્ગ્યુના કેશો પોઝિટિવ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. સંતરામપુર કોલેજ રોડ વિસ્તારમાં નર્સિંગપુર ગ્રામ પંચાયતમાં આવેલો આ વિસ્તાર વરસાદી પાણીના નિકાલ ના હોવાના કારણે અને નાળું બંધ થઈ જવાના કારણે આ વિસ્તારના રહેતા રહીશોમાં વરસાદી પાણીનો નિકાલ જ નહીં જેના કારણે ખુલ્લા પ્લોટોમાં અને પાણીના નિકાલની જગ્યાએ ગંદા પાણીનો ભરમાર જોવા મળી આવેલો છે અને આના કારણે પાણીમાં રહેલા પોરાઓ અને મચ્છરો દિન પ્રતિદિન વધારો થતા જોવા મળી આવેલો છે. આજુબાજુ સોસાયટીના રહેતા રહીશોમાં વાયરલ ઈન્ફેકશન ટાઈફોડ જેવી ગંભીર બીમારીમાં મોટાભાગના લોકો બીમારીમાં ભોગ બની રહેલા છે. જ્યારે આ જ વિસ્તારના ત્રણ થી પાંચ જેટલા વ્યક્તિઓને ડેન્ગ્યુ થઈ ગયેલું છે. જેમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર પણ લઈ રહેલા છે. તંત્ર અગાઉ પણ આ વરસાદી પણ નિકાલ કરવા માટે વારંવાર રજૂઆત કરવા છતાંય આજ દિન સુધી નિકાલ કરવામાં આવેલ નથી. એક માસ અગાઉ પણ આ વિસ્તારના રહીશ હોય ખુલ્લા પ્લોટમાં પાણી ભરાઈ રહેવાના કારણે ચારે બાજુ દુર્ગન મારતું હોય છે. આ જ રોડ ઉપર કોલેજ મુરલીધર હાઈસ્કુલ હોસ્પિટલો તમામ આવેલું છે, તેમ છતાં તંત્ર ધ્યાન આપતું જ નથી.

## દાહોદમાં સબસ્ટ્રાર્ડ પેકેજીગ ડ્રીન્કીંગ વોટર (પાણીની પેક બોટલ) વેચવા બદલ વેપારી અને અમદાવાદની ઉત્પાદક પેઢીને ૬૦,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો

દાહોદ,

દાહોદમાં સબસ્ટ્રાર્ડ પેકેજીગ ડ્રીન્કીંગ વોટર (પાણીની પેક બોટલ) વેચવા બદલ દાહોદના વેપારી અને અમદાવાદની ઉત્પાદક પેઢીને ૬૦,૦૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, (Food and Drugs) જીલ્લા સેવા સદન, દાહોદના ડેઝીગ્નેટેડ ઓફિસર વી.ડી. રાણા ની સુચના અનુસાર ફુડ સેફટી ઓફિસરની ટીમ દ્વારા દાહોદ જીલ્લાના દાહોદ તાલુકાના રળીયાતી વિસ્તારમાં આવેલ દેવમ સેલ્સ એજન્સી માંથી પ્રીમીયમ યશ બ્રાન્ડ્રની પેકેજીગ ડ્રીન્કીંગ વોટર (પાણીની પેક બોટલ)નો નમુનો લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપેલ હતો, જે નમુનો ફુડ એનાલીસ્ટ્ દ્વારા સબસ્ટ્રાન્ર્કર્ડ (નાપાસ) ફુડ જાહેર થતા આ નમુનાનો કેસ એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર ની કોર્ટમાં દાખલ કરેલ હતો. જેની સુનાવણી પુરી થતા જેમાં દાહોદના વેપારીને ૧૦,૦૦૦/- અને પેક પાણીની બોટલના ઉત્પાદક પેઢી Once More Beverages Pvt. Ltd અમદાવાદને ૫૦,૦૦૦/- આમ, બન્ને પેઢીને મળીને કુલ-૬૦,૦૦૦/- નો દંડ એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર દ્વારા કરવામાં આવ્યો છે.

## દાહોદ તાલુકાના મોટી ખરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મોટી ખરજ-૨ આયુષ્માન આરોગ્ય મંદીરના રાહ ડુંગરી ફળિયામાં NCD સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો

દાહોદ

દાહોદ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો ભગીરથ બામણીયાની સૂચના અન્વયે મોટી ખરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મોટી ખરજ આયુષ્માન આરોગ્ય મંદીર-૨ ના રાહ ડુંગરી ફળિયામાં NCD સ્ક્રીનીગ કેમ્પ કરવામાં આવ્યો હતો.

આ કેમ્પ દરમ્યાન ૧૦૧ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશરની તપાસ કરતા ૩ તીત-ાયભર્થિમ દર્દીઓ મળી આવ્યા હતા. અને હાયપર ટેન્શનના ૨ દર્દીઓ, બ્લડ પ્રેશરના ૨ દર્દીઓ મળ્યા હતા. જેઓને વધુ તપાસ અર્થે મોટી ખરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપ્યા હતા.

એ સાથે આજે વાહક જન્ય રોગો વિશે લાભાર્થીઓને ઊંડાણ પૂર્વક માહિતી આપવામા આવી હતી. ટી.બી., એચ. આઈ. વી. તેમજ સિકલસેલ રોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કેમ્પ નિમિતે મોટી ખરજના મેડીકલ ઓફિસર ડા. વૈદહી સાકરીયા અને બોન્ડેડ ડો. દ્રષ્ટિ ડામોર તથા સ્ટાફગણ હાજર રહ્યા હતા.

## ઝાલોદના ગરાડુ ગામના યુવાને શાળાએ છુટી ઘરે જતી કિશોરીને ખેંચીને શારીરિક અડપલા કરતાં ફરિયાદ

દાહોદ,

ગામના પોતાના ત્રણ મિત્રો સાથે આવેલા ઝાલોદના ગરાડુ ગામના એક વાસના લોલુપ યુવાને સાંજના સમયે શાળામાંથી છૂટીને ખેતરોમાં થઈ પરત ઘરે જઈ રહેલી તેના જ ગામની ૧૫ વર્ષીય વિદ્યાર્થીનીનો હાથ પકડી મિત્રોની મદદથી ખેંચીને મકાઈના ખેતરમાં લઈ જઈ શારીરિક અડપલા કર્યાની ગંભીર ફરિયાદ ઝાલોદ પોલીસ દફતરે નોંધાતા ઝાલોદ પંથકમાં ચકચાર મચી જતા એક્શનમાં આવેલ ઝાલોદ પોલીસે તે ચારે જણાની ધરપકડના ચક્રો ગતિમાન કર્યાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં દાહોદ જીલ્લાના સીગવડ તાલુકાની તોરણી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં અભ્યાસ કરતી ૬ વર્ષીય માસુમ બાળા સાથે તેની જ શાળાના લંપટ આચાર્યએ કુકર્મ કરવાની હિન કૂચેષ્ટા બાદ માસુમનું ગળું દબાવી શ્વાસ રૂંધાવી નિર્મમ હત્યા કર્યાની શિક્ષણ જગતને કલંકિત કરતી અને માનવ સમાજને શર્મસાર કરતી ઘટનાના પડઘા હજી સમ્યા નથી અને આ નિંદનીય જઘન્ય ઘટનાની રાજકીય પક્ષો દ્વારા સતત તીખી પ્રતિક્રિયાઓ આવી રહી છે અને જીલ્લા સહિત રાજયમાં નીરલજજ આચાર્ય સામે ઠેર ઠેર ધિક્કાર સાથેનો ફિટકાર વરસી રહ્યો છે. તેવા સમયે જીલ્લાના ઝાલોદના ગરાડુ ગામે પરમ દિવસ તારીખ ૨૫મી સપ્ટેમ્બરના રોજ સાંજના છ વાગ્યાના સુમારે ગરાડુ ગામની ૧૫ વર્ષીય વિદ્યાર્થીની શાળા છૂટ્યા બાદ ખેતરોમાં થઈ પરત પોતાના ઘરે જઈ રહી હતી. તે વખતે તેના જ ગામના અને ફળિયાના દીપક ભુરસીંગ મુનિયાએ તે વિદ્યાર્થીનીનો હાથ પકડી તેણીના અંગ-ઉપાંગો સાથે અડપલા કરવા લાગ્યો હતો અને તેની સાથેના તેના જ ફળિયાના મયુર અરવિંદ મુનિયા, વૈભવ કાર્તિક મુનિયા તથા તુષાર કમલેશ મુનિયાએ તે વિદ્યાર્થીનીના હાથ પકડી મોઢું દબાવી રાખી બળજબરીથી ખેંચીને મકાઈના ખેતરમાં લઈ જઈ છેડતી કરી હતી. છેડતીનો ભોગ બનેલ પીડીતાએ યેનકેન પ્રકારે ઘરે પહોંચી પોતાના માવતરને પોતાની સાથે ઘટેલી ઘટના બાબતે જાણ કરતા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં આ સંબંધે પીડિતાની માતાએ ફરિયાદ નોંધાવતા આ સંદર્ભે ઝાલોદ પોલીસે ગરાડુ ગામના તળાવ ફળિયામાં રહેતા દીપક ભુરસીંગ મુનિયા, મયુર અરવિંદ મુનિયા, વૈભવ કાર્તિક મુનિયા તથા તુષાર કમલેશ મુનિયા વિરૂદ્ધ સગીરા સાથેની છેડતીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ઉપરોક્ત ચારેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## "મારી દીકરી મારી આંખ સામે" શેરી ગરબા સંવર્ધન સમિતિની બેઠક મળી

ગોધરા,

આજરોજ એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા દ્વારા આયોજિત શેરી ગરબા સંવર્ધન સમિતિની ગોધરાના ગરબા આયોજકો સાથે એક અગત્યની બેઠક મળી હતી. આ બેઠક ગાયત્રી મંદિરના હોલમાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં ગરબા મંડળોના આયોજકો હાજર રહ્યાં હતાં.બેઠકમાં એક ગોધરા શ્રેષ્ઠ ગોધરાના માર્ગ દર્શક પરીમલભાઈ, રાષ્ટ્રીય સ્વયસેવક સંઘના સંઘ ચાલક રાજેશ ભાઈ તથા સમિતિના અધ્યક્ષ આશિત ભટ્ટ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આશિત ભટ્ટે જણાવ્યું હતું કે, નવરાત્રી એ માં દુર્ગાનો પવિત્ર તહેવાર છે, આ પર્વ શકિત ઉપાસનાનું, ભક્તિ ઉપાસનાનું પર્વ છે. આજે શેરી ગરબા સંવર્ધન સમિતિ પંદરમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજે ગોધરા વ્યવસાય મુક્ત ગરબાનું નગર બન્યું છે. જેનો શ્રેય તમામ ગરબા મંડળોને જાય છે, તમે સમિતિનું સૂત્ર સ્વીકાર્યું "મારી દીકરી મારી આંખ સામ", મારો પરિવાર



મારા આંગણે અને ગોધરા એ ગુજરાતમાં મુઠ્ઠી ઉચેરૂં સ્થાન મેળવ્યું છે. સાથે જણાવ્યું કે, સમિતિ તમામ મંડળો પાસે એક અપેક્ષા રાખે છે કે બીજના દિવસે તમામ મંડળોમાં બાલિકા પૂજન કરવામાં આવે, આઠમના દિવસે માતાજીનો હોમ, યજ્ઞ કરવામાં આવે અને દશેરાના દિવસે શસ્ત્ર પૂજન જરૂર કરવા માં આવે. પ્રત્યેક ઘર માંથી માતાજીનું પ્રિય શસ્ત્ર તલવાર લઈને તથા અન્ય શસ્ત્રો નું વિધિ વિધાન પૂર્વક પૂજન જરૂર કરવા માં આવે.ત્યારબાદ પરિમલભાઈ એ જણાવ્યું હતું કે, ગોધરા માટે અહીં ઉપસ્થિત છે તે અને જે એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા સાથે જોડાયા છે, તે તમામ મંડળો ગોધરાને શ્રેષ્ઠ બનાવવા માટે સુસજ્જ બનીએ, શેરી ગરબા સંવર્ધન સમિતિને આજે પંદર વર્ષમાં પ્રવેશ કર્યો છે કેમ કે આ સમિતિ દ્વારા કરવામાં આવતા કાર્યો લોકોને ગમ્યા છે, તેથી લોકો આજે પણ જોડાવા માગે છે, સંસ્કૃતિ ધર્મનું કામ કરતી સમિતિ નિસ્વાર્થ ભાવે સમાજમાં કામ કરે છે, તેથી ગોધરાનું ગૌરવ વધી રહ્યું છે.ત્યારબાદ સંઘ ચાલક રાજેશભાઈ એ પણ જણાવ્યું કે, સંઘ હંમેશા સમાજની ચિંતા કરે છે અને જાગૃતિનું કાર્ય કરે છે. હાલમાં સંઘ કુપોષણ સામે જંગ છેડ્યો છે. સમાજના બાળકો અને મોટાઓ પણ કુપોષણ થી મુક્ત થાય તો આ સંદેશો તમામ મંડળો દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે તે પણ સામાજિક ભકિત જ ગણાશે. આપણાં ઋષિમુનિઓ એ જે ભકિત માર્ગ બતાવ્યો છે, તે પ્રમાણે આપને નવરાત્રી મહોત્સવ ઉજવવો જોઈએ.બેઠકને સફળ બનાવવા મિતેષ પટેલ, ડાહ્યાભાઈ પ્રજાપતિ, દીપેશ ઠાકોર, નિર્મિત દેસાઈ, પલ્લવ દેસાઈ, દિનેશ પટેલ, યશ શાહ, રાજુ લાલવાણી વિગેરે એ સખત મહેનત કરી હતી.

## આપની આજ.......

મેષ:આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે. પુણ્ય પર પણ પૈસા ખર્ચ થશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે. આજે કામના ધંધાથી અપેક્ષિત પરિણામો ન મળવાના કારણે તમારે વધુ દોડધામ કરવી પડી શકે છે. આર્થિક રીતે દિવસ મુશ્કેલ રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો. બપોરે પછીનો સમય અન્ય કાર્યોમાં સમય પસાર થશે.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો. કેટલાક સારા સમાચાર મળવાથી નિરાશા પણ સમાપ્ત થશે. ધંધાનું કામ ક્રમશ પૂર્ણ થતાં મન હળવું થશે.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

## ગરીબ કલ્યાણ મેળો - ૨૦૨૪ દાહોદ

# દાહોદમાં જીલ્લા કક્ષાનો ૧૪મા તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો પંચાયત અને કૃષિ મંત્રીની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ રામ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો



દાહોદ,

દાહોદ જીલ્લાનો ગરીબ કલ્યાણ મેળો રાજયમંત્રી બચુભાઇ ખાબડના અધ્યક્ષસ્થાને રામ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કલેકટર યોગેશ નિરગુડેએ સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતાં કહ્યું હતું કે, આ મેળા દરમ્યાન તમામ લાભાર્થીઓને યોજનાકીય લાભ હાથોહાથ આપવામાં આવશે તેમજ અન્ય લાભાર્થીઓને કાર્યક્રમ પછી પણ સહાય પુરી પાડવામાં આવશે. દિપ પ્રાગટય અને સ્વાગત ગીત સાથે શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળામાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયતી ખેતી અપનાવવા અનુરોધ કરતાં મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું કે, '' દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રત્યક્ષ મળે તે માટે ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત ગુજરાત રાજયથી કરી હતી. જેના થકી લાભાર્થીને સીધો લાભ મળતો થયો છે. છેવાડાના કોઈપણ ગરીબ સરકારની યોજના સહાયથી વંચિત રહી ન જાય તેની પુરેપુરી તકેદારી વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે મહિલા સશકિતકરણ માટે પણ અનેકવિધ અભિગમો અપનાવ્યા છે. મહિલાઓને પડતી અનેક મુશ્કેલીઓને દૂર કરવા ઉજવલા યોજના હેઠળ મફ્ત ગેસ કનેકશનો સગડી બાટલા સાથે આપ્યા છે. જીલ્લામાં શ્વેતક્રાંતિ આવે તે માટે પશુઓ આપી દૂધ ઉત્પાદન દ્વારા મહિલાઓ આર્થિક રીતે સદ્ધર બને તે માટે સરકાર કટીબદ્ધ બની છે.

આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે પ્રાસંગિક પ્રવચન આપતા કહ્યું હતું કે, ગરીબોને પારદર્શિતા સાથે સીધો લાભ મળી રહે તેમજ ગરીબોનું જીવનધોરણ ઊંચું આવે તેમજ સરકાર દ્વારા અમલમાં મુકાયેલ અનેકવિવિધ યોજનાઓને લાભાર્થીઓ સુધી સીધો લાભ પહોંચે તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર સતત કાર્યશીલ રહી છે.

આ નિમિતે બનાસકાંઠાના ડીસાથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી સૌ લાભાર્થી ભાઈ બહેનોને સરકાર દ્વારા આપવામાં આવતા તમામ લાભાને અચૂક લેવા માટે આહવાન કર્યું હતું.

દાહોદમાં યોજાયેલ ૧૪ મા તબકકાના આ ગરીબ મેળા દરમ્યાન દાહોદ જીલ્લાના લગભગ ૫૦ હજાર જેટલા લાભાર્થીઓને રૂ. ૪૦૪ લાખની વિવિધ યોજનાઓની સાધન સહાય મળશે. સરકાર દ્વારા આ સાધન સહાય આપવાનો મૂળભૂત ઉદેશ ગરીબ આદિવાસી-પછાત વર્ગના લોકોને મદદરૂપ થવા સાથે રોજગાર ધંધો કરી તેઓ આર્થિક રીતે સધ્ધર થાય તે માટેનો છે. સરકારનો સંકલ્પ છે કે કોઈપણ કોઇ પણ વ્યકિત ગરીબ ન રહે જેને સાકાર કરવા હેતુ સરકારની વિવિધ યોજનાઓ મૂળ લાભાર્થી સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.



આ મેળા દરમ્યાન ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે વિવિધ સરકારના વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ યોજનાઓને લાભાર્થી પોતાની રોજગારી ઊભી કરી શકે તે માટેના સાધન સહાય કીટનું વિતરણ સહીત અન્ય યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી. સરકાર દ્વારા સહાય સ્વરૂપે આપવામાં આવેલ આ વિવિધ સાધન-સહાયનો સદુપયોગ કરી વિકાસ યાત્રામાં જોડાવા આ તબક્કે રાજયમંત્રી બચુભાઈ ખાબડે લાભાર્થીઓ અને જનમેદનીને આહવાન કર્યું હતું.

આ સાથે દાહોદના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ ખપેડ દ્વારા પ્રાકૃતિક ખેતી અપનાવતા પોતાને થયેલા અનુભવો અને મળેલ સફળતાને રજૂ કરતાં ઉપસ્થિત તમામ ભાઈ - બહેનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. તો પશુપાલનના લાભાર્થી નરેશભાઈ માવીએ પોતાને સરકાર તરફથી મળેલ લાભ દ્વારા તેઓ કઈ રીતે આગળ આવ્યા અને આર્થિક રીતે સદ્ધર બન્યા તે વિશે વિગતે જણાવતા તમામ લોકોને સરકાર દ્વારા અપાતા લાભને ૧૦૦ ટકા લેવા કહ્યું હતું.

આ પ્રસંગ દરમ્યાન જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક બી. એમ. પટેલ, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ અરવિંદાબેન પટેલિયા, પ્રાંત અધિકારી નિલાંજસા રાજપૂત, નાયબ જીલ્લા વિકાસ અધિકારી દવે, નાયબ જીલ્લા વિકાસ અધિકારી રાઠવા, નગરપાલિકા ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલા, નગરપાલિકા પ્રમુખ નીરજ દેસાઈ, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રદધાબેન, મામલતદારઓ, જીલ્લા પંચાયતના સભ્યઓ, અમલીકરણ અધિકારીઓ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ઉધાવળા ગામે પોષણ માસની ઉજવણી કરાઇ



દાહોદ,

આઇસીડીએસ વિભાગ અંતર્ગત પોષણ માહની ઉજવણી ચાલી રહી છે. ત્યારે દાહોદ જીલ્લામાં વિવિધ ઘટકોની આંગણવાડીમાં પોષણ અને આરોગ્ય અંગે લોકોમાં જાગરૂકતા લાવવા વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન તેમજ સી.ડી.પી.ઓ. એમીબેન જોસેફ માર્ગદર્શન હેઠળ ના દેવગઢબારીઆ- ૨ ઘટકના ઉધાવળા સેજામાં ૭ માં પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પોષણ માહની થીમ અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી.

'' એકંદર પોષણ થીમના આધારે આંગણવાડીમાં આવતા લાભાર્થી જેવા કે કિશોરી, સગર્ભા, ધાત્રી માતાઓ તેમજ ગ્રામજનોની ઉપસ્થિતી માં લાભાર્થીને સાચું પોષણ શું છે. તેમજ પોષણ નું મહત્વ આપણા શરીરમાં કેટલું જરૂરી છે તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. THR માંથી બનતી અલગ અલગ વાનગીઓની પણ માહિતી આપવામાં આવી હતી. નિરોગી સ્વસ્થ કેવી રીતે રચ શકાય તે અંગે માહિતગાર કર્યા તેમજ કુપોષણ કચ રીતે નાબુદ કરી શકાય તેને વિગતવાર માહિતી ગ્રામજનો અને લાભાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

પોષણ માસની ઉજવણી દરમિયાન ઉધાવળા સેજનાં કાર્યકર બહેનો આંગણવાડી બહેનો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વાનગીઓનું નિદર્શન તેમજ તેમાંથી મળતા પોષણ યુક્ત તત્વો વિશે સમજ આપવામાં આવી હતી. આંગણવાડીના બહેનો દ્વારા રંગોળી બનાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય સેવિકા બહેનો, ઓફિસ સ્ટાફ, આંગણવાડીના બહેનો તેમજ શાળાની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુરા તાલુકાના વાંગડ મોડલ સ્કૂલ ખાતે ધારાસભ્યની ઉપસ્થિતિમાં નારી સંમેલન યોજાયું




દાહોદ,

સમગ્ર રાજયભરમાં અત્યારે આઈ સી ડી એસ વિભાગ દ્વારા પોષણ માસની ઉજવણી અન્વયે અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં આંગણવાડી બહેનો ત્યારે દાહોદ જીલ્લામાં પણ રોજ બ રોજ વિવિધ પ્રવૃતિઓ થકી અનેકો કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે નિમિતે ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને જીલ્લા પંચાયત દાહોદ તથા આઈસીડીએસ વિભાગના સંયુકત ઉપક્રમે શુક્રવારે ફતેપુરા તાલુકાના વાંગડ મોડેલ સ્કૂલ ખાતે જીલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતીના ચેરમેન સુશીલાબેન બારીયાના અધ્યક્ષ સ્થાને તથા ફતેપુરા તાલુકાના ધારાસભ્ય રમેશભાઈ કટારા તેમજ ફતેપુરા તાલુકા પંચાયત ના પ્રમુખ ભરતભાઈ મગનભાઈ પારગીની પ્રેરક ઉપસ્થિતિમાં તાલુકાકક્ષાના નારી સંમેલન અને પોષણ માહની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશ કટારા એ જણાવ્યું હતું કે, ભારતીય નારીશકિતએ હંમેશા ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓને ગૌરવાન્વિત કરી છે. સંસ્કારી બાળક માતા અને પરિવાર માટે સૌથી મોટી પૂંજી છે. તેમણે કુદરતે સ્ત્રીને આપેલા અપાર શક્તિના ખજાનાનો પરિવાર, સમાજ અને દેશહિતમાં ઉપયોગ કરવાની શીખ આપી હતી. માતાઓ દ્વારા બાળકોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તે જરૂરી છે. પરિવારમાં કોઈ કંકાસ, મતભેદ અને વિચારભેદ ન થાય તે માટે મહિલાઓની ભૂમિકા હોવાનું તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષા તેમજ જીલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતીના ચેરમેન સુશીલાબેન બારીયા દ્વારા મહિલાઓના હક તેમજ સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે આવા કાર્યક્રમો વધુમાં વધુ યોજવા પર ભાર મૂકવામાં આવ્યો.

આ કાર્યક્રમ દરમ્યાન નારી અદાલત, ૧૮૧ અભયમ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવતી બહેનો સંબંધિત સેવાઓ અંગેની વિસ્તાર પૂર્વક જાણકારી પણ આપવામાં આવી હતી.

તે સાથે આંગણવાડીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોનું તેમજ રમત - ગમત ક્ષેત્રે રાજ્ય કક્ષાએ પસંદગી પામનાર વિદ્યાર્થીનીનુ પણ અન્યોને પ્રેરણા દાયક બની રહે તે માટે સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થી બહેનોને પોષણ કીટ, તેમજ કિશોરીઓને માતૃ શક્તિનું કીટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ કટારા તેમજ મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ, દાહોદના ચેરમેન સુશીલાબેન બારીયાની પ્રેરક ઉપસ્થિતિ હેઠળ યોજવામાં આવ્યો તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ પારગી, સી ડી પી ઓ દિવ્યાબેન પંજાબી સહિત અન્ય ૧૮૧ અભયમ ટીમ, સખી વન સ્ટોપ સેન્ટર ટીમ, તેડાગર અને કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.






# ફતેપુરાના ભોજેલા ગામે જમીનના ઝગડામાં ઈસમે મહિલા સહિત બે વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ભોજેલા ગામે જમીન સંબંધી મામલે થયેલ ઝઘડા તકરારમાં એક ઈમસે કુહાડી તેમજ લાકડી વડે એક મહિલા સહિત બેને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ઘરના આંગણમાં મુકી રાખેલ ટ્રેકટરની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ ફતેપુરાના ભોજેલા ગામે મછાર ફળિયામાં રહેતાં ચિમનભાઈ ધીરાભાઈ મછાર તથા તેમના પરિવારજનો હાજર હતા. તે સમયે તેઓના ઘરે ગામમાં રહેતો રાકેશભાઈ મનાભાઈ મછાર પોતાના હાથમાં કુહાડી તેમજ લાકડી લઈ આવ્યો હતો અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારા ભાગમાં આવેલ જમીનમાં કેમ વાડ કરેલ છે, તેમ કહેતાં ચિમનભાઈ અને શર્મિષ્ઠાબેને ગાળો આપવાની ના પાડતાં રાકેશભાઈ એકદમ ઉશ્કેરાયો હતો અને પોતાની સાથે લાવેલ કુહાડી તેમજ લાકડી વડે ચિમનભાઈ તથા શર્મિષ્ઠાબેનને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ઘરના આંગણે મુકી રાખેલ ટ્રકટરની પણ તોડફોડ કરી નુકસાન પહોચાડતા આ સંબંધે ઈજાગ્રસ્ત ચિમનભાઈ ધીરાભાઈ મછારે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




તારીખ ૨૫/૦૯/૨૦૨૪ નારોજ PHC મિનાકયારના સબ સેન્ટર ગરબાડા-૬ નવાતરીયા ફળીયાના ૧ અતિકુપોષિત બાળકને ૪% લોહી થઈ જતા તેને લોહીની જરૂર પડતા સબ સેન્ટર ગરબાડા ૬ ના MPHW તેજસભાઈ ઘરમાણી દ્વારા ઝાયડસ હોસ્પિટલ ખાતે રકતદાન કરવામાં આવ્યું "રકતદાન એ જ મહાદાન".

## સંજેલી મામલતદાર કવાટર્સ આગળ રોડ તુટી જતાં લોકોને હાલાકી

સંજેલી,

સંજેલી મામલતદાર કવાટર્સ આગળ મુખ્ય માર્ગ પર ચોમાસાના વરસાદથી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં રોડ પર ઢીંચણ સમા પાણી ભરાયેલા છે. વાહનચાલકો અને રાહદારીઓને પડી રહી છે. વરસાદને કારણે રોડ પર ખાડા પડી ગયા છે. જેથી બાઈક ચાલક અવાર નવાર પાણીમાંથી પસાર થતાં અકસ્માત સર્જાય છે. ત્યારે હાલ બે દિવસથી પડી રહ્યા વરસાદને કારણે અહિં પાણી ભરાઈ ગયા છે. આ દરમિયાન બાઈક પર બાળક સાથે પતિ-પત્નિ પસાર થઈ રહ્યા હતા. અચાનક ખાડામાં બાઈક ખાબકતા તેઓ પાણીમાં પડી ગયા હતા. સદ્નસીબે નાની-મોટી જાનહાનિ થવા પામી હતી. આસપાસના લોકો દોડી આવ્યા હતા. તાત્કાલિક તેમને ઉભા કર્યા હતા. ત્યારે તંત્ર દ્વારા આ રોડ પર પુરાઈ ગયેલુ નાળુ ઉંચુ કરવામાં આવે તેમજ મામલતદાર કવાટર્સની અધુરી ગટરની કામગીરી પુર્ણ કરે જેથી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠવા પામી છે.

# માર્ગ સલામતી ક્ષેત્રે રસ ધરાવતા અને Eligibility ધરાવતી સંસ્થાએ તેમની અરજી દરખાસ્ત ઓનલાઇન વેબસાઈટ પર કરવી

દાહોદ,

ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, ન્યુ દિલ્હી દ્વારા માર્ગ સલામતી ક્ષેત્રમાં અસાધારણ કામગીરી માટે નાણાકીય સહાય અને માર્ગ સલામતીના ક્ષેત્રમાં કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરસ્કૃત કરવા માટે " Scheme of Financial Assistace for Administering Road Safety Advocacy and awards for the outstanding work done in the field of Road Safety " નામની યોજના શરૂ કરવામાં આવેલ છે. જે પરત્વે માર્ગ સલામતી ક્ષેત્રે રસ ધરાવતા અને Eligibility ધરાવતી સંસ્થાએ તેમની અરજી દરખાસ્ત ઓનલાઇન વેબસાઈટ https://rsa.morth.gov.in પર તારીખ ૨૩-૦૯-૨૦૨૪ થી ૨૨-૧૦-૨૦૨૪ સુધી મોકલી આપવા તમામ જાહેર જનતા તેમજ સંસ્થાઓને નોંધ લેવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, દાહોદ દ્વારા જણાવાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.33

# ગોધરા ખાતે જીલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

પંચમહાલ,

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમાંઆવેલ પંચામૃત ડેરી પાસેના ગ્રાઉન્ડ ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ રેનૂકાબેન ડાયરા અને સાંસદ રાજપાલસિંહ જાદવના અદયચક્ષસ્થાને જીલ્લામ કક્ષાનો ગરીબ કલ્યોણ મેળો યોજાયો હતો. જે અંતર્ગત ગરીબ કલ્યાણ મેળા પહેલા, મેળા દરમ્યાન અને મેળા બાદ મળી જીલ્લાના ૨૫ હજારથી વધુ લાભાર્થીઓને સરકારની વિવિધ જનકલ્યાાણકારી યોજનાઓની રૂા.૫૫.૬૩ કરોડથી વધારેની રકમના સાધન–સહાયના લાભો એનાયત કરવામાં આવ્યાં હતા. જેમાંથી ૨૧ જેટલા લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપે સ્ટેજ ઉપરથી મહાનુભાવના હસ્તે દિવ્યાંગ સાધન સહાય યોજના, પ્રધાન મંત્રી વિશ્વકર્મા યોજના, માનવ ગરિમા યોજના, પાલક માતાપિતા સહાય યોજના, કુંવરબાઈનું મામેરૂં યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વરોજગારી યોજના સહિત અન્ય



યોજનાઓ અંતર્ગતસાધન–સહાય, સહાયના હુકમો, સહાયની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારમાં ગુજરાતનાં છેવાડાના માનવી સુધી વિકાસને પહોંચાડવાના કાર્યને અવિરતપણે કરવામાં આવી રહ્યું હોવાનું ઉમેર્યું હતું. તેમણે ગરીબ કલ્યાીણ મેળાના માધ્યવમથી સાચા લાભાર્થીઓ એવા ગરીબો–દરિદ્રનારાયણો સુધી સરકારની યોજનાઓના લાભો પહોંચાડી રાજય સરકાર સાચા અર્થમાં નાગરિકોની કાળજી રાખી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે ૧૪ તબકકાના ગરીબ કલ્યાણ મેળા અન્વયે યોજાયેલ જીલ્લાકક્ષાના મેળાના માધ્યમ થકી ૨૫ હજારથી વધુ લાભાર્થીઓને ૫૫.૬૩ કરોડથી વધુની રકમના સાધન સહાય અને લાભો મળ્યા હોવાનું જણાવી તમામ લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

આ પ્રસંગે પંચમહાલ લોકસભા બેઠકના સાંસદ રાજપાલ સિંહ જાદવે ગરીબ કલ્યા ણ મેળાના શ્રેષ્ઠ આયોજન બદલ જીલ્લા વહીવટી તંત્રને અને મેળામાં ઉપસ્થિત તમામ લાભાર્થીઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે આ મેળાના માધ્યામથી વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ કેન્દ્ર અને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની રાજય સરકાર લોકકલ્યાીણના કામો માટે સતત તત્પયર રહી કાર્ય કરી રહી છે. છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી નાગરિકોએ મૂકેલા વિશ્વાસનું વિકાસના રૂપમાં વળતર આપી રહી હોવાના કારણે જ આજે પણ આ સરકારને જનતા જનાર્દનનું વ્યાપક સમર્થન પ્રાપ્ત થઇ રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. સાંસદએ પંચમહાલ જીલ્લામાં વિકાસના કામો થતાં રહે અને ગરીબ તથા વંચિતોને સરકારે બનાવેલી યોજનાઓના લાભો સરળતાથી મળતા રહે તે માટે છેવાડાના માનવીના ઉત્કર્ષ માટે સરકાર કટીબદ્ધ છે. તેમ જણાવી વિવિધ યોજનાનો લાભ લેવા લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો.

ધારાસભ્ય સી.કે.રાઉલજીએ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વધ હેઠળની રાજય સરકાર સમાજના અંતિમ તબક્કાના માનવી સુધી વિકાસના લાભો પહોંચાડી, કોઈપણ નાગરીક વિકાસથી વંચિત ન રહી જાય તેવી નેમ સાથે કામ કરી રહી છે. ત્યારે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આ વિકાસયાત્રામાં જન–જનને સહભાગી થવાનો અનુરોધ કર્યો હતો.

મોરવાના ધારાસભ્ય નિમિષાબેન સુથારે જણાવ્યુ હતું કે ગરીબ કલ્યા.ણ મેળાનો ઉદ્દેશ માત્ર સરકારી સહાય આપવાનો નથી, પરંતુ ગરીબોનું ઉત્થાનન કરવાનો છે. તત્કાવલિન મુખ્યકમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના સમયમાં ગરીબોઅને વંચિતોની સેવા માટે શરૂ થયેલ જનસેવાનો યજ્ઞ એટલે ગરીબ



કલ્યાણ મેળો. જેને રાજયના મુખ્યવમંત્રી ભૂપેન્દ્રમભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વધુ વેગવાન બનાવીને ગરીબોને આત્મેનિર્ભર બનાવી આત્મનનિર્ભર ભારત અભિયાનને ગતિમાન બનાવવાનું કાર્ય થઇ રહ્યું છે, તેમ ઉમેરી તેમણે સરકારે વચેટિયાઓને નાબૂદ કરીને યોજનાઓના લાભો સીધા લાભાર્થીઓના હાથોહાથ પહોંચાડવાનું કામ કર્યું હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમના સ્થળે મહિલા અને બાળ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સહિત વિવિધ વિભાગો દ્વારા ઉભા કરવામાં આવેલા સ્ટોલ મારફતે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિતરણ કરવામાં આવ્યાં હતાં.આ કાર્યક્રમ દરમ્યાન બનાસકાંઠાના ડીસા ખાતેથી મુખ્યમંત્રીની અદયક્ષતામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. કાર્યક્રમના સમાપન પૂર્વે સ્વચ્છતાલક્ષી ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું તથા ઉપસ્થિત તમામ લોકો દ્વારા સ્વચ્છતા શપથ પણ લેવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે જીલ્લા કલેકટર આશિષકુમાર, જીલ્લાવ વિકાસ અધિકારી ડી.કે.બારિઆ, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન વિનોદભાઈ ભગોરા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડી.એમ.દેસાઈ, કાલોલના ધારાસભ્યજ ફતેસિંહ ચૌહાણ, અગ્રણી અશ્વીનભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ, પ્રાંત અધિકારી, જીલ્લાધના વિવિધ વિભાગના અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરાના પાનમ ડેમ વિસ્તારમાં વાઘ હોવાના વિડીયો વાયરલ મુદ્દે વન વિભાગે દિપડો હોવાનું જણાવ્યું

શહેરા,

શહેરા તાલુકાના પાનમ ડેમ વિસ્તારમાં વાઘ દેખાયો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જોકે, વાયરલ વીડિયોમાં વાઘ નહીં પરંતુ દીપડો હોવાનું વનવિભાગ પાસેથી જાણવા મળેલ હતું.



પંચમહાલ જીલ્લામાં ફરી એકવાર વાઘ દેખાયો હોવાનો વીડિયો વાયરલ સોશિયલ મીડિયામાં થયો હતો. જોકે, તપાસ દરમિયાન શુક્રવારના રોજ રમેશ પગી નામનો એક વ્યક્તિ શહેરા તાલુકાના બોરીયા સી.એચ.સી. ખાતે પોતાની પત્નીને મુકવા માટે ગયો હતો અને ત્યાંથી પરત ફરી રહ્યો હતો. તે સમય દરમ્યાન પાનમ ડેમ વિસ્તારના ચોપડ દેવી વળાંકમાં આ રમેશ પગી નામના વ્યક્તિએ રોડ ઉપર વાઘ દેખાયો હોવાનું સમજી તેઓ એકાએક ગભરાઈ ગયા હતા અને ગાડી ઉભી રાખી મોબાઈલના કેમેરાથી તેનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. પાનમ ડેમ વિસ્તારમાં વાઘ એ દેખો દીધો હોવાનો વીડિયો વાયરલ થતાં પાનમ વિસ્તારના લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. જોકે, શહેરા વનવિભાગ સાથે ટેલિફોનિક વાતચીત માં વાયરલ વીડિયોમાં વાઘ નહીં પરંતુ તેમાં દીપડો દેખાઈ રહ્યો હોવાનું જણાવ્યું હતું.

## શહેરા તાલુકાના સાજીવાવ ગામે દિવાલ પડવાથી ૫૦ વર્ષીય મહિલાના મોતના બનાવે પોલીસ સ્થળ ઉપર પહોંચી કાર્યવાહી કરી

શહેરા,

શહેરા તાલુકાના સાજીવાવ ગામે ઘરની દિવાલ પડી જતા ૫૦ વર્ષીય મહિલાનું દબાઈ જતાં મોત નીપજ્યુ હતુ. બનેલા બનાવને લઈને તલાટી તેમજ પોલીસ ઘટના સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકામાં પાછલા ત્રણ દિવસથી વરસાદી માહોલ હોવાથી કાચા મકાનોમાં રહેતા અનેક પરિવારો ચિંતિત થઈ ઉઠ્યા હતા. જ્યારે તાલુકાના સાજીવાવ ગામના છાયાણા ફળિયામાં ઘરની દિવાલ અચાનક ધરાસાઈ થતા ૫૦ વર્ષીય માલીબેન રયજીભાઈ બારીયા નામની મહિલાના દબાઈ જતા ઘટના સ્થળે મોત નીપજ્યુ હતું. ઘટનાની જાણ સ્થાનિક પરીવારજનો દ્વારા ગ્રામ પંચાયતના તલાટી સહિત પોલીસને કરાઈ હતી. આ મામલે પોલીસ મથકે મૃતક મહિલાના ભત્રીજા પ્રવિણ બળવંત બારીઆ એ જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે ફાઈનાન્સિયલ અવેરનેસ પર વ્યાખ્યાન યોજાયું



ગોધરા,

''સિકયુરિટી એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા'' SEBI અને B.S.E. એટલે કે બોમ્બે સ્ટોક એકસચેન્જના નેજા હેઠળ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે ફાઈનાન્સિયલ અવેરનેસ અંગેનું વ્યાખ્યાન આ વિષયના નિષ્ણાત એવા મુસ્તાકભાઈ શેખ દ્વારા યોજવામાં આવ્યું હતું. કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ ના ઉપક્રમે આયોજીત આ વ્યાખ્યાનમાં મુસ્તાકભાઈ દ્વારા પ્રવર્તમાન સ્થિતિમાં ફાઈનાન્સિયલ અવેરનેસની કેટલી જરૂરિયાત છે ? ઈન્વેસ્ટમેન્ટ કયા પ્રકારના અને કયામાં રોકાણ કરવું જોઈએ..? સહિતની વિવિધ બાબતો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અને સરળ ભાષામાં વિદ્યાર્થીઓને સમજાવી હતી.પ્રારંભમાં કોલેજના આચાર્ય ડો. અરૂણસિંહ સોલંકી દ્વારા સ્વાગત પ્રવચન કરી કોમર્સના વિદ્યાર્થીઓને ફાઈનાન્સિયલ બાબતોની જાગૃતતા હોવી જ જોઈએ અને પરિણામે આ વ્યાખ્યાન કોલેજમાં યોજયું હતું. જેની માહિતી આપી હતી.મહેમાનોનો પરિચય અને સ્વાગત વિધિ કુમારી મિત્તલ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે આભાર વિધિ એનએસએસ લીડર પ્રેમ ધવલ દ્વારા કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાં એન એસ એસના ૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## કાંકણપુર કોલેજમાં વિકસિત ભારતમાં મહિલાઓનું યોગદાન વિષય પર વ્યાખ્યાન યોજાયું

કાંકણપુર,

શ્રી સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જે.એલ.કે .કોટેચા આર્ટસ એન્ડ એસ.એચ.ગાર્ડી કોમર્સ કોલેજ કાંકણપુરમાં સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહ તેમજ કોલેજના આચાર્ય ડો.જે .પી. પટેલના માર્ગદર્શન હેઠળ સી.ડબ્લ્યુ.ડી.સી.ના ઉપક્રમે આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારના મુખ્ય વકતા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. દક્ષાબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિકસિત ભારતમાં મહિલાઓના યોગદાન વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સેમિનારમાં ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ આ કાર્યક્રમમાં કાંકણપુર કોલેજના સંસ્કૃત,હિન્દી, ગુજરાતી,



અંગ્રેજી, સમાજશાસ્ત્ર તેમજ કોમર્સ વિભાગના અધ્યાપકો તેમજ એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ આર્ટસ કોમર્સના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. તેમજ મહેમાનોનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યુ હતું. કોલેજના આચાર્ય ડો. જગદીશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ડો. જૂઈ ઉપાધ્યાયે વકતાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન c.w.d.c.ના કન્વીનર ડો.ઉષાબેન પટેલે કર્યું હતું. સફળ કાર્યક્રમ બદલ સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મૌલિનભાઈ શાહ તેમજ કોલેજના આચાર્ય ડો.જે .પી. પટેલે શુભેચ્છા તેમજ અભિનંદન પાઠવ્યા હતા. આભાર વિધિ ગુજરાતી વિભાગના ડો. છાયાબેન કરી હતી. આમ, સમગ્ર કાર્યક્રમ ભારે ઉત્સાહ સાથે સંપન્ન થયો હતો.

## ઘોઘંબા ખાતે તાલુકાક્ક્ષાનો કોમ્પ્લીમેન્ટરી ફિડીંગ અને ડેટા વિશ્લેષણ વર્કશોપ યોજાયો

ઘોઘંબા,

એસ્પિરેશનલ બ્લોક ઘોઘંબા, પંચમહાલ જીલ્લામાં, ૨૩ થી ૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન, તાલુકા કક્ષાએ ''કોમ્પ્લીમેન્ટરી ફીડિંગ અને ડેટા વિશ્લેષણ પર સંવેદનશીલતા વર્કશોપ''નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જે પોષણ મહા (રાષ્ટ્રીય પોષણ મહિનો) ૨૦૨૪નો એક ભાગ છે. આ વર્કશોપને વડોદરા વિભાગની પ્રાદેશિક કચેરી, મહિલા અને બાળ વિકાસ યોજના, WCD ગુજરાત દ્વારા આયોજન તથા નેતૃત્વ કરવામાં આવ્યું હતું અને ટેકનિકલ સપોર્ટ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગરના



,સેન્ટર ઓફ એકસલન્સ ઈન ન્યુટ્રિશન દ્વારા પ્રદાન કરવામાં આવ્યું હતું, આ વર્કશોપ ઘોઘંબા બ્લોકના તમામ આંગણવાડી કાર્યકર્તાઓ માટે આયોજીત કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆત IIPH ગાંધીનગરના રિજનલ કોઓર્ડિનેટર દ્વારા સ્વાગત પ્રવચન સાથે થઈ હતી, ત્યારબાદ ટેકનિકલ સેશનમાં પુરક આહારમાં સામેલ થવાની જરૂરી વસ્તુઓ, તેનુ મહત્વ અને લાભ વિશે ચર્ચા કરવામાં આવી. પોષણ ટ્રેકરનો ડેટા વિશ્લેષણ વિભાગીય નાયબ નિયામકને રજૂ કર્યો, જેમાં સચોટ ડેટા એકત્રિત કરવાની મહત્વતાની વિશેષ ચર્ચા કરવામાં આવી. વર્કશોપના અંતે ઘોઘંબાના સીડીપીઓ દ્વારા સમાપન પ્રવચન આપવામાં આવ્યું. આ વર્કશોપમાં ૩૫૫ આંગણવાડી કાર્યકર્તાઓને પુરક આહાર અને પોષણના મુખ્ય સંકેતોએ માહિતી આપવામાં આવી. સીડીપીઓ, મુખ્ય સેવિકા, અને બ્લોક કોઓર્ડિનેટરોની હાજરીમાં આ મહત્વપૂર્ણ પ્રવૃત્તિ એસ્પિરેશનલ બ્લોકમાં બાળ પોષણને સુધારવા માટે સફળ રહી.

## ઘોઘંબા તાલુકાના ખીલોડી ગામે એચડીએફસી પરિવર્તન કાર્યક્રમ શુભારંભ કરવામાં આવ્યો

ઘોઘંબા,

ચોસાલા અને એચડીએફસી પરિવર્તનના સંયુક્ત પ્રયાસથી એચ ડી એફ સી પરિવર્તન કાર્યક્રમ શુભારંભ ૨૦૨૪નો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત ઘોઘંબા તાલુકાના ૪૦ ગામમાં બીન પિયત જમીનમાં સિંચાઈ સુવિધા વધારવા માટે સોલાર યોજના અને ચેકડેમનું કાર્ય કરવામાં આવશે જેમાં ગુજરાત સરકારના અધિકારી તથા સદગુરૂ સંસ્થાના અધિકારી તેમજ આશરે ૪૦ ગામના ૩૦૦ ખેડૂત ભાઈઓ બહેનો સહિત આ કાર્યક્રમમાં આશરે ૩૫૦ લોકો ઉપસ્થિત રહ્યા



હતા. જેમાં બાગાયત અધિકારી કમલેશભાઈ પટેલ દ્વારા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ ની જાણકારી આપવામાં આવી હતી. તેમજ સહાયકારી યોજનાઓથી અવગત કર્યા હતા. આત્મા પ્રોજેક્ટના બ્લોક મેનેજર બિજેન્દ્રસિંહ સોલંકી એ પ્રાકૃતિક ખેતી વિશે જાણકારી આપવામાં આવી હતી. તાલુકા પંચાયત ખેતી વિસ્તરણ અધિકારી હરદીપસિંહ ચૌહાણ એ આકસ્મિક વીમા અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના થી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ સદગુરૂ સંસ્થાના સુનિતાબેન દ્વારા કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ હિતેશભાઈ દ્વારા સિંચાઈ વિભાગની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં રાધેશ્યામ યાદવ, પ્રિન્સીબેન, નરેશભાઈ અને મહેશભાઈ સહિત સદગુરૂ સંસ્થાની ટીમ ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમનો સફળ આયોજન કરી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ગોધરા ખાતે ભાજપના કાર્યક્રમમાં હાજર રહેલ દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા તોરણી કાંડમાં નિવેદન કોઈને છોડવામાં નહિ આવે

ગોધરા,

ગોધરા ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનને લઈ યોજાયેલ ભાજપના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલ દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા તોરણી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીના મોતને લઈ નિવેદન આપવામાં આવ્યું કે કોઈને પણ છોડવામાં નહિ આવે માનવ અધિકાર પંચમાં રિપોર્ટ કરવામાં આવશે.ગોધરા ખાતે આજરોજ ભાજપ દ્વારા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના અનામત વિરોધી નિવેદનોને લઈ મૌન રેલી અને ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં ભાજપ નેતાઓ હાજર રહ્યા હતા. દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકામાં તોરણી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પર આચાર્ય દ્વારા દુષ્કર્મ કરવાના પ્રયાસ નિષ્ફળ જતાં હત્યા કરી નાખી હોવાની ઘટના બની હતી. જેને લઈ લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ મામલે ગોધરા ખાતે ભાજપના કાર્યક્રમમાં હાજર રહેવા દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા નિવેદન આપવામાં આવ્યું હતું કે, કોઈને પણ છોડવામાં નહિ આવે. તપાસ અંતિમ તબક્કામાં છે. ૧૯ સપ્ટેમ્બરના રોજ ઘટના બની હતી. ત્યારબાદ પરિવારને મળ્યો છું પોલીસ કાર્યવાહી કરી રહીછે. કોઈને છોડવામાં આવશે નહિ, આ બાબતે માનવ અધિકાર પંચમમાં રિપોર્ટ કરવામાં આવશે.

## કાલોલ નગર પાલિકાની ચુંટણી સંદર્ભે કાલોલ શહેર કોંગ્રેસના પ્રદેશ નિરીક્ષકની ઉપસ્થિતીમાં મીટીંગ યોજી

કાલોલ,

પંચમહાલ જીલ્લાના કાલોલ નગર પાલિકા ચૂંટણી સંદર્ભે કાલોલ શહેર કોંગ્રેસની મિટિંગ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહજી ગોહિલના આદેશ સંગઠન પ્રભારી શૈલેષભાઈ પરમાર તથા વિધાનસભા વિપક્ષ કોંગ્રેસના નેતા અમિતભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ કાલોલ શહેર કોંગ્રેસના પ્રદેશ નિરીક્ષક પૂર્વ જીલ્લા પ્રમુખ અજીતસિંહ ભાટી તેમજ સુરેશભાઈ પરમારની ઉપસ્થિતિમાં કાલોલ સરદાર ભવનમાં યોજાયેલ હતી. જેમાં આગામી સમયમાં યોજનાર નગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં લઈ ચૂંટણીલક્ષી–સંગઠનાત્મક અને નગર વોર્ડના પ્રશ્નો અંગે ઉપયોગી ચર્ચા વિચારણા સાથે માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ પ્રદેશ સૂચના મુજબ આગામી નગર સિબિર પ્રજાની મુશ્કેલી સમસ્યાઓને વાચા આપવા આક્રમક કાર્યક્રમ ગોઠવવા રણનીતિ નક્કી કરવામાં આવેલ હતી.આ મિટિંગમાં કાલોલ નગર પ્રમુખ અશોકભાઈ ઉપાધ્યાય, તાલુકા પ્રમુખ ભુપેન્દ્રસિંહ ખેર, જીલ્લા મહામંત્રી ઉમેશ શાહ, જીલ્લા સોશયલ મીડીયા ચેરમેન ભગીરથસિંહજી સોલંકી, મહામંત્રી અજયભાઈ મકવાણા, કાજલબેન પરમાર, ગજેન્દ્રસિંહ, પિયુષભાઈ, કિરણ પરમાર સહિત વોર્ડ પ્રમુખો, સેલ સંગઠનના પદાધિકારીઓ, કાર્યકરો મોટી



સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા મીટીંગની શરૂઆતમા દાહોદ જીલ્લાના તોરણી ગામના બનાવ સંદર્ભે મૃતક બાળકી પ્રત્યે તથા જીલ્લા પ્રમુખ ચેતનસિંહ પરમારના પત્નીના અવસાન નોંધ લઈ બે મિટિંગ મૌન પાળી શ્રદ્ધા સુમન વ્યક્ત કરવામાં આવેલ હતા. નવનિયુક્ત તાલુકા કોંગ્રેસ કાલોલના યુવા પ્રમુખ સંજયસિંહ રાઠોડનું સન્માન પણ કરવામાં આવેલ હતું. મિટિંગ ખુબ જ સફળ રહેલ હતી.